A-1
ચેવડો
વેફર્સ-ચટણી
રાજકોટ ના પ્રખ્યાત
રસિકભાઈ ચેવડાવાળા
■ લીમડા ચોક ■ એરપોર્ટ રોડ
■ જ્યુબેલી બાગ ■ કોટેચા ચોક
■ નાના મવા રોડ

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2022-2025
At Posted Jamnagar gfy. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા
જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

Page 8 Price : ₹ 3.50

નોબત

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT).
29 DECEMBER 2025, MONDAY • Vol. No. 69 • PRICE ₹ 3.50 • ISSUE No. 192

તહેવારો નિમિતે સ્પેશ્યલ ઑફર
ખરીદો ઈલેક્ટ્રિક સ્કુટર ફક્ત ₹ 35,999
1 Year Warranty | 60 Km Mileage | 50 Top Speed

UNITED AGENCY
(ELECTRIC SCOOTER)
Khodiyar Colony, Nr. Maher Samaj, Khira Complex, Jamnagar.
Ph. 2664181 M. 98245 46160, 98248 93352

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

ઉન્નાવ કેસના અપરાધીને જેલમાં જ રહેવું પડશેઃ સર્વોચ્ચ અદાલતે ફટકારી નોટીસઃ સીબીઆઈની અપીલ ગ્રાહ્યઃ ચાર અઠવાડિયા પછી સુનાવણી

સામૂહિક દુષ્કર્મ કેસમાંઃ સેંગરને "સુપ્રિમ" ઝટકોઃ સજામોકૂફી સામે સ્ટે

નવી દિલ્હી તા. ૨૯: ઉન્નાવ દુષ્કર્મ કેસમાં કુલદીપ સેંગરને ઝટકો લાગ્યો છે, તેને હજૂ જેલમાં જ રહેવું પડશે, કારણ કે હાઈકોર્ટના ચૂકાદા પર સુપ્રિમ કોર્ટે સ્ટે આપ્યો છે.

દિલ્હીની તીસ હજારી કોર્ટે આજીવન કેદ ઉપરાંત બીજી ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી, પરંતુ હાઈકોર્ટે શરતી જામીન આપ્યા, જેને સુપ્રિમકોર્ટે આગામી સુનાવણી સુધી સ્થગિત કર્યા

ઉત્તરપ્રદેશના ચર્ચિત ઉન્નાવ દુષ્કર્મ કેસમાં સુપ્રિમકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં દિલ્હી હાઈકોર્ટે ભાજપના સસ્પેન્ડેડ નેતા કુલદીપ સેંગરને સામૂહિક દુષ્કર્મના કેસમાં જામીનને સીબીઆઈ દ્વારા પડકારવામાં આવ્યા હતાં.

સુપ્રિમકોર્ટે હાલમાં આગામી સુનાવણી સુધી હાઈકોર્ટના ચૂકાદાને સ્ટે આપી દીધો છે અને કુલદીપસિંહ સેંગર હવે જેલમાં જ રહેશે. ચાર અઠવાડિયા બાદ હવે સુનાવણી હાથ ધરવામાં આવશે.

સુપ્રિમકોર્ટના જજોએ કુલદીપસિંહ સેંગર તરફથી હાજર વકીલોને ફિટકાર લગાવતા કહ્યું હતું કે, તમે આડીઅવળી વાતો કરવાની જગ્યાએ સ્ટે પર વાત કરો. અમે જામીન પર સ્ટે આપવા તૈયાર છીએ. તમે જો હાઈકોર્ટના જામીનને ચાલુ રાખવા માંગતા હોવ તો અમને એનું કારણ જણાવો.

સુપ્રિમકોર્ટે આ મામલે સુનાવણી હાથ ધરતા સીબીઆઈના વકીલે આ કેસને ભયાનક ગણાવ્યો હતો. સબીઆઈ તરફથી તુષાર મહેતા દલીલ કરવા કોર્ટમાં હાજર થયા હતાં. તેમણે દલીલ કરી હતી કે, જ્યારે પિડીતા પર આ ભયાનક દુષ્કર્મની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો ત્યારે તેની ઉમર ૧૫ વર્ષ જ હતી, એટલે કે આ પોક્સોનો કેસ બને છે. આ એક ગંભીર અપરાધ છે અને તે સાબિત પણ થયો છે, છતાં હાઈકોર્ટે આ મામલે ગંભીરતા ન દાખવતા સેંગરને જામીન પર છોડી મૂક્યો હતો.

ઉન્નાવ દુષ્કર્મ કેસ એ ભારતના સૌથી ચર્ચિત અને હચમચાવી દેનારા ગુન્હાઓમાંથી એક છે. જેમાં સત્તા, રાજકારણ અને અપરાધની મિલીભગતે એક સગીર દીકરીના જીવનને નરક બનાવી દીધું હતું. આ કેસનો મુખ્ય આરોપી ઉત્તર પ્રદેશનો તત્કાલીન શક્તિશાળી ભાજપ ધારાસભ્ય કુલદીપસિંહ સેંગર હતો.

આ ઘટના ૨૦૧૭ ની છે, જ્યારે ઉત્તરપ્રદેશના ઉન્નાવ જિલ્લાની એક ૧૭ વર્ષીય સગીરાએ બાંગરમઉના ધારાસભ્ય કુલદીપસિંહ સેંગર અને તેના સાથીઓ પર નોકરી અપાવવાના બહાને સામૂહિક બળાત્કાર કરવાનો આરોપ લગાવ્યો હતો. પિડીતાએ આરોપ મૂક્યો હતો કે, ૪-જૂન-૨૦૧૭ ના જ્યારે તે નોકરી માટે મદદ માંગવા ગઈ ત્યારે સેંગરે તેના ઘરે તેની પર બળાત્કાર કર્યો હતો.

પીડિતા અને તેના પરિવારે જ્યારે ન્યાય માટે અવાજ ઉઠાવવા પ્રયાસ કર્યો, ત્યારે તેમને સ્થાનિક પોલીસ અને પ્રશાસન તરફથી ભારે દબાણ અને ધમકીઓનો સામનો કરવો પડયો. કેસ દાખલ કરવામાં પણ આનાકાની કરવામાં આવી . મામલો ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે એપ્રિલ ૨૦૧૮માં પીડિતાએ લખનૌમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિવાસસ્થાન બહાર આત્મહત્યાનો પ્રયાસ કર્યો. તેના થોડા જ દિવસો બાદ, પીડિતાના પિતાનું પોલીસ કસ્ટડીમાં શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું, જેમના પર સેંગરના ભાઈ દ્વારા ખોટા કેસ દાખલ કરવામાં આવ્યા હતા.

જુલાઈ ૨૦૧૯માં પીડિતા, તેના વકીલ અને પરિવારના સભ્યો જ્યારે જેલમાં બંધ તેના કાકાને મળવા જઈ રહ્યા હતા, ત્યારે તેમની કારને એક ટ્રકે ટક્કર મારી હતી. આ "અકસ્માત"માં પીડિતાના બે સંબંધીઓના મોત થયા હતા અને પીડિતા તથા તેના વકીલ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટના બાદ દેશભરમાં ભારે આક્રોશ ફેલાયો અને સુપ્રિમકોર્ટે આ મામલે સખત વલણ અપનાવ્યું. સુપ્રિમકોર્ટે કેસનો ઉત્તરપ્રદેશમાંથી દિલ્હી ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો અને સીબીઆઈને તપાસ સોંપી.

દિલ્હીની તીસ હજારી કોર્ટે કુલદીપસિંહ સેંગરને બળાત્કાર કેસમાં દોષિત ઠેરવ્યો અને ડિસેમ્બર ૨૦૧૯માં તેને આજીવન કેદની સજા ફટકારી. આ ઉપરાંત, પીડિતાના પિતાની કસ્ટડીમાં થયેલા મૃત્યુના કેસમાં પણ તેને ૧૦ વર્ષની સજા કરવામાં આવી હતી. આ ચુકાદાને પીડિતાના લાંબા અને પીડાદાયક સંઘર્ષના અંતે મળેલા ન્યાય તરીકે જોવામાં આવ્યો. જો કે, ડિસેમ્બર ૨૦૨૫માં દિલ્હી હાઈકોર્ટે સેંગરને શરતી જામીન આપ્યા હતા. જેનો કોંગ્રેસ સહિત ઘણાં પક્ષોએ વિરોધ કર્યો હતો.

દેશવ્યાપી આંદોલનનું વાગ્યુ બ્યુગલ... હવે, જનતા નક્કી કરે... કૌન સચ્ચા...કૌન જૂઠા ?

શનિવારે દિલ્હીના કોટલા માર્ગ પર હલચલ વધી ગઈ હતી અને હવાઈ પ્રદુષણની આબોહવા વચ્ચે ગરમાગરમ રાજકીય માહોલે ઉષ્ણતા જન્માવી હતી. આ માર્ગ પર આવેલા કોંગ્રેસના નવા હેડક્વાર્ટરમાં કોંગ્રેસ વર્કીંગ કમિટી (કોંગ્રેસ કાર્ય સમિતિ)ની બેઠક યોજાઈ અને તેમાં કોંગ્રેસે લીધેલા એક નિર્ણયના પડઘા સડકોથી લઈને કેન્દ્રીય સચિવાલય અને શાસક એનડીએના વર્તુળોમાં પણ પડ્યા હતા. કેન્દ્ર સરકારના તાજેતરના એક કદમથી માત્ર કોંગ્રેસ કે વિપક્ષો જ નહીં, પણ કદાચ એનડીએના કેટલાક સાથીદાર પક્ષો તથા સંગઠનોમાં પણ થોડા ઘણા અંશે નારાજગી હોવાનું કહેવાય છે. રાહુલ ગાંધી તો ત્યાં સુધી આક્ષેપ કરે છે કે આ નિર્ણય વડાપ્રધાને મનસ્વી રીતે લીધો છે, તો કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે કહે છે કે કોઈની સલાહ લીધા વિના, વિપક્ષોને વિશ્વાસમાં લીધા અને લાંબુ વિચાર્યા વગર કેન્દ્ર સરકારે મનરેગા યોજના બંધ કરીને અથવા તેનું નામ બદલીને "વીબી-જી.રામ.જી." કર્યું છે, તે તદ્દન અયોગ્ય છે અને જનવિરોધી છે. આ પગલું ઉઠાવીને કેન્દ્ર સરકારે પગ પર કુહાડો માર્યો છે અને જેવી રીતે ભૂતકાળમાં ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવામાં આવ્યા હતા, તેમ મનરેગાને સ્થાને નવી સ્કીમ લાવવાનો નિર્ણય તથા તેને સંલગ્ન કાયદો પણ મોદી સરકારે પાછો ખેંચવો જ પડશે, કારણ કે આ મુદ્દે કોંગ્રેસ હવે દેશવ્યાપી આંદોલન કરવા જઈ રહી છે.

કોંગ્રેસ તા. પાંચમી જાન્યુઆરી-૨૦૨૬થી દેશવ્યાપી "મનરેગા બચાવો" આંદોલન શરૂ કરવાની છે. આ જાહેરાત કરતા ખડગેએ કહ્યું છે કે આ નિર્ણય પાર્ટીએ સર્વસંમતિથી લીધો છે. મનરેગાને કમજોર કરવાના આ પ્રયાસને પૂરી તાકાતથી નિષ્ફળ બનાવાશે અને સડકથી સંસદ સુધી પાર્ટી સંઘર્ષ કરશે. બંધારણે આપેલા કામ કરવાના અધિકારને મોદી સરકારે છીનવી લેવાનો પ્રયાસ કર્યો છે. આ યોજના સોનિયા ગાંધી અને સ્વ. મનમોહનસિંહની દીર્ઘદૃષ્ટિનું પરિણામ હતુ અને "ક્રેગ" સહિતની ઘણી એજન્સીઓએ એ યોજનાના પ્રભાવ તથા ફલશ્રુતિને સ્વીકારી હતી.

કોંગી નેતા રાહુલ ગાંધીએ પણ પોતાના ચિરપરિચિત અંદાજમાં દોહરાવ્યું કે આ ફેંસલો (મનરેગાનું નામ અને

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

કેન્દ્ર-રાજ્ય સરકારોને નોટીસ ફટકારી

અરવલ્લી મુદ્દે સુપ્રિમ કોર્ટે પોતાનો જ આદેશ કર્યો સ્થગિત : ૨૧ જાન્યુઆરીના સુનાવણી

નવી દિલ્હી તા. ૨૯: અરવલ્લી મામલે સુપ્રિમ કોર્ટે પોતાના આદેશ પર સ્ટે આપવાનો અને તમામ ભલામણ અને ટિપ્પણી સ્થગિત કરીને કેન્દ્ર-રાજ્ય સરકારને નોટીસ ફટકારી છે.

સુપ્રિમ કોર્ટે અરવલ્લી પર્વતમાળાના કેસમાં પોતાના જ ૨ નવેમ્બરના ચૂકાદા પર હાલ પૂરતી રોક લગાવી દીધી છે. કોર્ટે આ મામલે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને નોટીસ ફટકારીને જવાબ માંગ્યો છે.

જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી. હવે આ કેસની વધુ સુનાવણી ૨૧ જાન્યુઆરીએ હાથ ધરવામાં આવશે. સુપ્રિમ કોર્ટે ૨૦ નવેમ્બરના અરવલ્લી પર્વતમાળા અને તેની ટેકરીઓની એક સમાન વ્યાખ્યાને માન્યતા આપી હતી. સાથોસાથ નિષ્ણાતોનો અહેવાલ તૈયાર ન થાય ત્યાં સુધી દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતના અરવલ્લી પટ્ટામાં ખનન માટેના નવા કોન્ટ્રાક્ટ (લીઝ) આપવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

ઉલ્લેખનિય છે કે, ગયા મહિને જ કેન્દ્રિય પર્યાવરણ મંત્રાલયે સુપ્રિમ કોર્ટમાં ભલામણ કરી હતી કે, ૧૦ મીટરથી ઊંચા પહાડોને જ અરવલ્લીની ગિરિમાળા માનવામાં આવે. સુપ્રિમ કોર્ટે આ વ્યાખ્યાને માન્યતા પણ આપી દીધી હતી. જે પછી રાજસ્થાન અને હરિયાણામાં પર્યાવરણપ્રેમીઓ દ્વારા અરવલ્લીને બચાવવા માટે વિરોધ કરવામાં અવી રહ્યો છે. લોકોએ કેન્દ્ર સરકાર સામે બાંયો ચડાવી છે, જો કે ભારે વિરોધ અને વિવાદ વધતા જોઈ કેન્દ્ર સરકારે ૨૪ મી ડિસેમ્બરે નવો આદેશ જાહેર કર્યો હતો કે અરવલ્લીમાં નવા ખાણકામની મંજુરી આપવામાં આવશે નહીં.

૯૮ લોકો ઈજાગ્રસ્તઃ મૃતાંક વધી શકેઃ મહત્વાકાંક્ષી રેલ પ્રોજેક્ટ સામે ઊઠ્યા સવાલો

મેક્સિકોમાં ઈન્ટર ઓશનિક ટ્રેન પાટા પરથી ઉતરી પડતા ૧૩ મુસાફરોના મૃત્યુ

નિજાંઘા તા. ૨૯: મેક્સિકોમાં દર્દનાક દુર્ઘટના થઈ છે. ઈન્ટર ઓશનિક ટ્રેન પાટા પરથી ઉતરીને ખીણમાં ખાબકી પડતા ૧૩ મુસાફરોના મૃત્યુ થયા છે, અને ૯૮ ઈજાગ્રસ્ત થયા છે.

આ ટ્રેન કોરિડોરને પનામા નહેરના વિકલ્પ તરીકે જોવામાં આવતો હતોઃ ૨૫૦ મુસાફરો સાથેની ભીષણ દુર્ઘટનામાં ઘાયલો પૈકી પાંચની હાલત ગંભીર

મેક્સિકોના દક્ષિણી રાજ્ય ઓક્સાકામાં રવિવારે એક અત્યંત દર્દનાક ટ્રેન દુર્ઘટના બની હતી. લગભગ ૨૫૦ લોકોને લઈ જઈ રહેલી એક ઈન્ટરઓશનિક ટ્રેન નિજાંદા શહેર પાસે પાટા પરથી ઉતરી ગઈ હતી. આ ભીષણ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૧ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે ૯૮ અન્ય લોકો ઘાયલ થયા છે. આ અકસ્માતે મેક્સિકોના મહત્ત્વાકાંક્ષી રેલ પ્રોજેક્ટની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

પ્રમુખ ક્લાઉડિયા શીનબામે સોશિયલ મીડિયા પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે વરિષ્ઠ અધિકારીઓને ઘટના સ્થળે મોકલવમાં આવ્યા છે જેથી પીડિત પરિવારોને શક્ય તમામ મદદ કરી શકાય. મેક્સિકના નેવીના જણાવ્યા અનુસાર દુર્ઘટના સમયે ટ્રેનમાં ૯ ક્રૂ મેમ્બર અને ૨૪૧ મુસાફરો સવાર હતાં. કુલ ૨૫૦ લોકોમાંથી ૧૩૯ લોકો સુરક્ષિત હોવાનું જણાવાયું છે.

ઈજાગ્રસ્તોમાંથી પાંચની હાલત અત્યંત ગંભીર છે, જ્યારે લગભગ ૩૬ લોકોની વિવિધ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. ઓક્સાકાના ગવર્નર સાલોમન જારા કુઝે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને કહ્યું છે કે રાજ્યની એજન્સીઓ કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરી રહી છે.

એટર્ની જનરલ અર્નેસ્ટિના ગોડોય રામોસે પુષ્ટિ કરી છે કે અકસ્માતના કારણો જાણવા માટે ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે. તે તપાસમાં આવી રહ્યું છે કે શું આ કોઈ તકનિકી ખામી હતી કે રેલવે ટ્રેકના સમારકામમાં કોઈ ખામી રહી ગઈ હતી. જે ટ્રેન સાથે આ અકસ્માત થયો તે મેક્સિકોના સૌથી મોટા અને મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સમાંથી એકનો ભાગ છે.

કોરિડોરને પનામા નહેરના વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યો છે. જે મેક્સિકોના પ્રશાંત મહાસાગર અને ખાડીના કિનારાને જોડે છે. આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન વર્ષ ૨૦૨૩ માં પૂર્વ રાષ્ટ્રપતિ લોપેઝ ઓબ્રાડોરના કાર્યકાળમાં થયું હતું, જેનો મુખ્ય હેતુ દક્ષિણ મેક્સિકોમાં આર્થિક વિકાસ અને વેપારના માળખાને આધુનિક બનાવવાનો હતો, જો કે આટલી મોટી દુર્ઘટનાએ મુસાફરોના વિશ્વાસને હચમચાવી દીધો છે અને હવે પ્રશાસન પર આ સમગ્ર કોરિડોરના સેફ્ટી ઓડિટનું દબાણ વધી ગયું છે.